જન્મદિને વધામણી

ભરતકુમાર ડી મોદી
મો. ૯૭૧૪૬ ૩૨૦૪૪

શર્મિષ્ઠા પી ઠાકર
મો. ૯૯૧૩૭ ૦૬૫૨૧

દિનેશભાઈ જી પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

સ્નેહા જિતેન્દ્રકુમાર ઠાકોર
મો. ૯૯૦૬૫ ૧૨૯૦૬

નર્મદા ભરતભાઈ પરમાર
મો. ૯૯૦૪૦ ૭૮૯૭૬

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા થૅલેસેમિયા અવેરનેસ કૅમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા થૅલેસેમિયા અવેરનેસ કૅમ્પ યોજાયો

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ યુનિટ દ્વારા આજે બ્રહ્માણી કૃપા હૉલમાં થૅલેસેમિયા અંગે જાગૃતિ લાવવા માટે થૅલેસેમિયા અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના જિજ્ઞેશભાઈ રાવલે ઉપસ્થિત રહી થૅલેસેમિયા અંગે સચોટ માહિતી આપી હતી. થૅલેસેમિયા અંગેનો વિડીયો પણ દેખાડવામાં આવ્યો હતો. થૅલેસેમિયા અંગે જાગૃતિ લાવવા માટેના સેમિનારને સફળ બનાવવા માટે કૉલેજના એનએસએસના સ્વયંસેવકો સાહિલ પટેલ, વિકાસ રાજગોર, મિત સોની, ભવદીપસિંહ વાળા, સૂરજ મુંજાણી, શ્રવણ પટેલ, પ્રિયંકા ચાવડા, પિન્કલ પટેલ દ્વારા જહેમત ઊઠાવવા આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ સૌ વિદ્યાર્થીઓને સેમિનારમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧

તાજેતરમાં સેક્ટર-૨૧ જીમખાના ખાતે યોજાયેલી તરણ સ્પર્ધામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની ધોરણ-૬માં ભણતી વિદ્યાર્થીની મહેક પટેલ અને જીયા ગજજરે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૫૦ મીટર બ્રેક સ્ટ્રોકમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સ્પોર્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત તરણ સ્પર્ધામાં ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ અને ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં અનુક્રમે દ્વિતિય અને તૃતિય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. બંને વિદ્યાર્થીનીઓ સુરત ખાતે રાજ્યકક્ષાની તરણ સ્પર્ધા માટે પસંદગી પામી છે, જે બદલ તેઓને શાળા પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ફેબ્યુલસ ફુડીસ ક્લબ દ્વારા વિમેન એમ્પાવરમેન્ટ અંતર્ગત રવિવારે સેક્ટર-૧૨, બલરામ મંદિર, બેઝમેન્ટ હૉલખાતે એક્ઝીબિશન અને લાઈવ કૂકીંગ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. એક્ઝીબિશનમાં બહેનો દ્વારા જ ડિઝાઈન કરેલા ડ્રેસ મટીરિયલ, જ્વેલરી, હોમ મેઈડ ચોકલેટ, હેન્ડીક્રાફ્ટના ૩૭ જેટલા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું અને કૂકીંગ એક્સપર્ટ, શેફ કનીનિકા મહેતા દ્વારા બ્રેડ, બ્રાઉની, જામ અને ચીલી પનીર શીખવાડમાં આવી હતી. ૧૦૦૦ જેટલા લોકોએ આ શોનો લાભ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગાંધીનગરના જાણીતાં કલાપ્રેમી આશાબેન સરવૈયા અને મમતા રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સંચાલક દીપાલીબેન રાવલ અને દક્ષાબેન જાદવે અને શેફ કનીનિકા મહેતાએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ સક્રિય ભાગ ભજવ્યો હતો.

સ્ત્રીઆર્થ : ૩૩ લેખિકાઓના વાર્તાસંગ્રહમાં ગાંધીનગરની દિશા પોપટની વાર્તા થઈ 'ટીક'

ગાંધીનગર, તા. ૧

૩ દેશો, ૧૩ શહેરો અને ૩૩ લેખિકાઓના વાર્તાસંગ્રહ સ્ત્રીઆર્થ-૨નું ભવ્ય વિમોચન શનિવારે અમદાવાદ ખાતે યોજાયું હતું.

સાહિત્યક્ષેત્રે સન્માનનીય સ્થાન ધરાવતાં પ્રતિભા ઠક્કરે એક-એકથી ચઢિયાતી વાર્તાઓની પસંદગી કરી એનું સંપાદન કર્યું છે, નંદિની મહેતા અને ઉર્વી અમીને સહાયક સંપાદકની ભૂમિકા ભજવી છે.

અલગ-અલગ ૩૩ નવોદિત લેખિકાઓની વાર્તાઓ સાથેના આ પુસ્તકનું વિમોચન ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળનાં સ્ત્રી લેખકો ધીરૂબેન પટેલ, ડૉ. બિંદુ ભટ્ટ અને નીલમ દોશી સાથે ગુજરાતી લેખક મંડળનાં પ્રમુખ મનીષી જાનીએ મળીને કર્યું. એક સાથે આ પુસ્તકનો પુરૂષાર્થ 'સ્ત્રીઆર્થ'માં દેખાતો હતો.

ગાંધીનગરની ઉગતી લેખિકા દિશા પોપટની વાર્તા 'ટીક' આ વાર્તા સંગ્રહમાં સ્થાન પામી. આ લેખિકાને એની વાર્તાને સ્ટેજ પર રજૂ કરવાની પણ મળી અને એણે સ્ત્રીનાં ફૉર્મ ભ ભરવાની વિગત આધારિત હૃદયસ્પર્શી વાત સુંદરપણે રજૂ કરી. આ પુસ્તકની અન્ય લેખિકા મુંબઈના રાજુલ ભાનુશાલીની વાર્તા 'બરફની પાટ'ની પણ વિશેષ નોંધ લેવાઈ.

આ સમગ્ર કાર્યક્રમ લાઈવ સંચાલન રેડિયો મિર્ચીનાં આરજે મેઘાએ કરીને શ્રોતાઓને મોજ કરાવી. મુંબઈની અન્ય લેખિકાએ એની વાર્તાને અભિનયસહ રજૂ કરીને સૌની દાદ મેળવી લીધી. ગાંધીનગરની લેખિકા દિશા પોપટને પ્રોત્સાહિત કરવા કવિ હર્ષદ ત્રિવેદી, સાહિત્યકાર ફિલીપ કલાર્ક, પ્રજ્ઞાબેન પટેલ, સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત અને રણછોડ પરમારે હાજરી આપી હતી.

સાહિત્યક્ષેત્રે દિશા પોપટની વાર્તાની પસંદગી અને ગુણવત્તા 'સ્ત્રીઆર્થ'માં સામેલ થતાં જ સૌએ એની નોંધ લીધી છે. સ્ત્રીઆર્થની બધી જ લેખિકાઓને અભિનંદન અને ખાસ આપણા શહેરની દીકરી દિશા પોપટને શહેરમાંથી અભિનંદ પ્રાપ્ત થઈ રહ્યા છે.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫
સ્ક્રીન-૨
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૩
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦
સ્ક્રીન-૪
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫
સ્ક્રીન-૫
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

સી એમ હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧

કડી સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ (સી એમ હાઈસ્કૂલ)ના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન રવિવારે સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, ચિલોડા ખાતે યોજવામાં આવ્યું હતું. ૩૦ વર્ષ બાદ મિત્રોને પરિવાર સાતે મળવાનો આનંદ અને ઉત્સાહ તો હતો પરંતુ એ વાત પણ ચિંતીત કરતી હતી કે આટલા લાંબા સમય પછી મળનાર મિત્રને ચહેરેથી ઓળખીશું કેવી રીતે ? આવનાર દરેક મિત્રોએ નાનપણમાં વર્ગ સાથે પ ડાવેલી તસવીરો બતાવી પુનઃ યાદોને તાજી કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે તે જ સમયના આચાર્ય પ્રભુદાસભાઈ પટેલ અને તેમનાં પત્ની ઉપસ્થિત રહ્યાં હતાં.સર્વ વિદ્યાર્થીઓને આશીર્વચન આપતાં પ્રભુદાસભાઈ અત્યંત ભાવુક થઈ ગયા હતા. 'એક શિક્ષક પાસે વિદ્યાર્થીરૂપે જે મૂડી છે તે સંસારમાં કોઈની પાસે નથી.' જે મિત્રો આ કાર્યક્રમમાં ઉપસ્થિત નહોતા રહી શક્યા એમણે પોતાના સંદેશ, વિડીયો મોકલાવ્યા હતા, જે જોઈ-સાંભળીને ઉપસ્થિત મિત્રોની આંખો ભીની થઈ ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમયાન જૂની યાદોને તાજી કરવામાં આવી અને બાળપણને પુનઃ એકવાર યાદ કરવા બાળકો સાથે ગેમ્સ પણ રમવામાં આવી. કાર્યક્રમનું શિર્ષક રખાયું હતું 'મેરે દોસ્ત', જેને સફળ બનાવવામાં સહજાનંદ સ્કૂલ ઑફ એચિવરના ટ્રસ્ટી જિજ્ઞેશ પટેલે ખૂબ જહેમત ઊઠાવી હતી. 'મેરે દોસ્ત' શિર્ષકના કર્તા અલ્કેશ સુખડિયાએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને દૃશ્ય-શ્રાવ્ય વ્યવસ્થાની જવાબદારી પણ સંભાળી હતી. સુકેતુ દેવ અને દિપક પટેલે સંકલનનું કાર્ય નિભાવ્યું હતું. જતીન શાહે મિત્રો, તેમનાં બાળકોને 'હાઉસી' રમાડી મનોરંજન પિરસ્યું હતું. કાર્યક્રમને અંતે આભારદર્શન દિનેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કશ્યપ નિમાવતે કર્યું હતું.

અંતરના ઊંડાણથી સફળતાની શાબાશી

આત્મનાદ
પુલક ત્રિવેદી

અમેરિકાની જાણીતી મૉટર મૅન્યુફેક્ચરિંગ કરતી ફૉર્ડ કંપનીના માલિક હૅન્રી ફૉર્ડે એક વખત ખૂબ મજાની વાત કરી કે, 'જીવનની સફળતાનું રહસ્ય એ છે કે તમારા ભાગ્યમાં શું કરવાનું તેની તમને સમજ પડે અને પછી તેની પાછળ તે પ્રાપ્ત કરવા મંડ્યા રહેવું.' ફૉર્ડ જુલાઈ, ૩૦, ૧૮૬૩માં જન્મેલા અને એપ્રિલ, ૭, ૧૯૪૭ સુધીના જીવનકાળમાં હૅન્રી ફૉર્ડે ઑટોમોબાઈલ ક્ષેત્રે દુનિયા આખીમાં માઈલસ્ટોન ઊભો કરી ઔદ્યોગિક ક્રાંતિના સર્જક તરીકેની નામના મેળવી લીધી હતી.

સફળતા માટે હૅન્રી ફૉર્ડના આ સૂત્રને મહિસાગર જિલ્લાના નાના એવા દેભારી ગામે જન્મેલા એક યુવાને બરાબર પચાવ્યું હોય એમ લાગે છે. મહિસાગર જિલ્લાના લુણાવાડાના યુવાનો સાથેના એક પરિસંવાદમાં મહિસાગર જિલ્લાના સમાહર્તાએ આર બી કાર્સ પ્રા. લિ.ના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ રમેશભાઈ પટેલને યુવાનો સામે મુખાતિબ કર્યા ત્યારે હૅન્રી ફૉર્ડની આખી આ ફિલોસૉફી માનસ પટ ઉપર તરવરવા લાગી. મહિસાગર, પંચમહાલ અને દાહોદ આ ત્રણ જિલ્લાઓમાં આર બી કાર્સ પ્રા. લિ.નું નામ આદરથી લેવાય છે. આ વિસ્તારમાં માસિક ૨૫૦૦ ઉપરાંત મારૂતિની મૉટર્સ વેચીને રમેશભાઈએ જબરું કાઠું કાઢ્યું છે. અહીં આર બીની પ્રતિષ્ઠા અને વિશ્વસનિયતા ચરમસીમાએ છે.

આર બી કાર્સ પ્રા. લિ.ના એમડી અને સીઈઓ રમેશ પટેલનું સૌમ્ય, ખંતિલું અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ કોઈને પણ ઈમ્પ્રેસ કર્યા વગર રહે નહીં. અહીં વાત આર બી કાર્સની અને તેના સીઈઓની કરવી નથી. અહીં તો વાત કરવી છે તદ્દન સામાન્ય પરિવારમાં જન્મેલા અને માંડ ધોરણ-૧૦ પાસ થયેલા અને ડ્રાયવરી કરતા રમેશ પટેલ નામના સફળ યુવાનની.

દેભારી જેવા ગામડાગામમાં બે ભાઈ અને બે બહેન સાથે ઉછરેલા રમેશ ધોરણ-૧૦ સુધી તો માંડ-માંડ પહોંચ્યા. ભાઈ રમેશના પિતાજીની ઈચ્છા બહુ કે મારો રમેશ ભણે-ગણે અને ખૂબ આગળ વધે. પણ આ રમેશનું ચિત્ત ભણવામાં ઓછું ચોંટે. અભ્યાસ માટે પિતાજીએ રાખેલા શિક્ષકો રમેશને ભણાવવા આવે ત્યારે શિક્ષકોને તાજું શાકભાજી લાવી આપવાના બહાને ઘરની પાછળની વંડી ઠેકીને તે હંમેશા ભાગી જતો.

સમય વિતતાં યુવાન રમેશ એક ટ્રકમાં કંડક્ટરી કરતો થયો. કંડક્ટરીના એને પ્રતિદિન રૂા. ૨ મળતા. રમેશ આ ટ્રકના ડ્રાઈવરનો પડ્યો બોલ ઊઠાવતો. એ ખૂબ નિષ્ઠાની કંડક્ટરી કરતો એની પાછળનો મુખ્ય આશય કે ડ્રાઈવર રાજી થાય અને એને ડ્રાઈવિંગ શીખવે. એની ધગશ અને લગનને ચોક્કસ દિશા પણ સાંપડી. એને ડ્રાઈવિંગ શીખવવામાં આવ્યું. પછી તો ભાઈ રમેશ ટ્રક ડ્રાઈવિંગ કરવા લાગ્યો અને ટ્રક ચલાવતાં એક ટ્રક પણ ખરીદી. ત્યારબાદ એક ટ્રકમાંથી ૫૦ ટ્રેક્ટર સુધી તે પહોંચ્યો.

વર્ષ ૨૦૦૨માં રમેશે મારૂતિ કાર સર્વિસ સ્ટેશન શરૂ કર્યું. બસ, પછી એની શ્રદ્ધા, મહેનત અને સફળ થવાની ધૂન - આ ત્રિવેણીએ રમેશને આર બી કાર્સ પ્રા. લિ.ના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રીમાન રમેશભાઈ પટેલ બનાવી દીધા. આર બી મૉટર્સ પ્રા. લિ. મારૂતિ કંપનીનો પ્લેટિનમ એવોર્ડ જીતી છે. સામાન્ય રીતે આવી કંપનીઝ જે સૌથી વધુ કાર વેચે અને કંપનીને વધુમાં વધુ નફો કરી આપે એવા ડિલર્સને પ્લેટીનમ એવોર્ડથી નવાજે. અહીં સમજવાની વાત એ છે કે એક ડ્રાઈવરમાંથી મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ બનેલા ભાઈ રમેશ પ્રતિવર્ષ ૨૫૦૦ ઉપરાંત મારૂતિ કાર આ વિસ્તારમાં વેચે છે. અમેરિકાના પેલા ઉદ્યોગપતિ હૅન્રી ફૉર્ડે પણ ઑટોમોબાઈલ ક્ષેત્રે અને ગુજરાતના મહિસાગરના આરે કોઈ એક કંપનીના લીડર બની જોરદાર કામ કરતાં રમેશ પટેલ પણ ઑટોમોબાઈલ ક્ષેત્રે. તાત્ત્વિક રીતે હૅન્રી ફૉર્ડ અને રમેશ પટેલ બંનેની સફળતામાં એક કૉમન પ્લૅટફૉર્મ ઑટોમોબાઈલનું છે. એ વાત એટલી જ સાચી છે કે હૅન્રી ફૉર્ડ અને રમેશ પટેલ આ બંનેની ઉદ્યોગકાર તરીકેની સરખામણી કરવી યોગ્ય નહીં લેખાય. પણ બંનેની સફળતાની ચાવીઓ લગભગ એક સમાન છે.

સાવ સામાન્ય પરિવર, નહીં જેવું ભણતર છતાં મનમાં નક્કી કરેલી સફળતાના માર્ગ ઉપર મક્કમતાથી આગળ વધવું અને જાપાન, હોંગકોંગ, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, અમેરિકા જેવા કેટલાય દેશોની સફર ખેડી પોતાના ઔદ્યોગિક ક્ષેત્રે વધુ ને વધુ આગળ વધવું એ પણ એક મિસાલ જ છે. અહીં ભાઈ રમેશની વાતનો સાર એટલો કે જ્યારે કોઈ એક કામમાં સંપૂર્ણપણે એકાકાર થઈ નિષ્ઠા-ખંતથી કાર્ય કરવામાં આવે તો તમારું એ કામ પણ સાચા દિલથી તમારી સાથે સંવાદ કરે, વાત કરે છે. તમારી એ કામમાં-ક્ષેત્રમાં વધુ ને વધુ ઝડપથી આગળ વધવાની સૂઝ અને સમજ ડેવલપ થતી જાય છે. તમારા કામની સફળતાની સાથે-સાથે વચ્ચે-વચ્ચે તમને તમારું કામ હકારાત્મક પાનો ચઢાવતો હોંકારોય આપે છે. ક્યારેક-ક્યારેક તો અંતરના ઊંડાણથી સફળતાની શાબાશી પણ મળે.... આ શાબાશી જ સૌથી શ્રેષ્ઠ અને સાચી શાબાશી... આ શાબાશી એટલે જ ઐશ્વર્ય અને સત્ ચિત્ આનંદ...

ધબકાર

સફળતાની ઈમારતના દરવાજાની મુખ્ય પાયાની ચાવી નક્કી કરેલા લક્ષ્યનું દ્રઢ અમલીકરણ છે.

(પાબ્લો પિકાસો)



પ્રા. રમેશભાઈ પટેલ દ્વારા પશુપાલન વિષયક વ્યાખ્યાન

પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર સાદરા ખાતે નવા ભરતી થયેલા તલાટી કમ મંત્રી માટે તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર સાદરા ખાતે નવા ભરતી થયેલા તલાટી કમ મંત્રીના પાયાની તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓને પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે પશુ આહાર, પશુ સંવર્ધન, પશુ માવજત અને પશુ સંવર્ધન માટેની યોજનાઓ તથા ગ્રામ વિકાસમાં તલાટી કમ મંત્રીઓની ભૂમિકા વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન 'તમારા પ્રશ્નો મારા જવાબો' સાથે કર્યું હતું. પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર-સાદરાના આચાર્ય તેજશ ઠાકરે પાયાના તાલીમ વર્ગમાં પ્રાસ્તાવિક અને આભારદર્શન કર્યું હતું.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'ચાદ દાદા-દાદીની'